

# આત્મિક છતાં શાણા

આશિષ રાયચૂર

**ફક્ત મફત વહેચણી માટે**
ઓલ પીપલ્સ ચર્ચ અને વર્લ્ડ આઉટરિચ, બેંગ્લોર, ઈંડિયા દ્વારા છાપણી અને વહેંચણી
અત્યારની પ્રત: 2024

**માહિતી માટે સંપર્ક કરો**
All Peoples Church & World Outreach
#319, 2nd Floor, 7th Main, HRBR Layout,
2nd block, Kalyan Nagar, Bangalore 560 043
Karnataka, India

ફોન: +91-80-25452617
ઈમેલ: **bookrequest@apcwo.org**
વેબસાઈટ: **apcwo.org**

પ્રત્યેક વચન એ પવિત્ર બાઇબલ O. V Reference માથી લીધેલ છે. Copyright @ The Bible Society Of India (BSI). બાઇબલની વ્યાખ્યાઓ, હિબ્રૂ અને યુનાની શબ્દો અને તેના અર્થ પવિત્ર શાસ્ત્રમાંથી લીધેલા છે.

**આર્થિક ભાગીદારી માટે**
આ પ્રકાશનોની મફત વહેંચણી ઓલ પીપલ્સ ચર્ચ ના સદસ્યો, મિત્રો અને ઉદાર દાનવીરો દ્વારા આપવામાં આવેલા દાનો દ્વારા શક્ય બનેલું છે. જો તમે આ મફત પ્રકાશનથી આશીર્વાદ પામ્યા છો તો અમે તમને ઓલ પીપલ્સ ચર્ચ દ્વારા મફત પ્રકાશનોને છાપવામાં અને વહેંચણી કરવામાં તમારા આર્થિક સહયોગને આપવામાટે નિમંત્રણ આપીએ છીએ. મહેરબાની કરીને તમે **apcwo.org/give** ની મુલાકાત કરો અને “ઓલ પીપલ્સ ચર્ચની સાથે પાર્ટનર” ઉપર ક્લિક કરો. આ પુસ્તકના પાછળના પાન ઉપર તમે તમારો આર્થિક સહયોગ કેવી રીતે કરી શકો તે લખેલું છે. તમારો આભાર!

**મફત સામગ્રી અને તેના અનુસંધાનમાં વેબસાઇટ**
**સંદેશાઓને માટે**: apcwo.org/sermons | **પુસ્તકો**: apcwo.org/books
**ચર્ચની એપ**: apcwo.org/app | **બાઇબલ કોલેજ**: apcbiblecollege.org
**ઈ-લર્નિંગ**: apcbiblecollege.org/elearn | **કાઉન્સીલિંગ**: chrysalislife.org
**સંગીત**: apcmusic.org | **સેવકોની સંગતી**: pamfi.org
**એપીસી જાગતિક મિશન**: apcworldmissions.org

(Gujarati – Being Spiritually Minded and Earthly Wise)

# આત્મિક છતાં શાણા

# અનુક્રમણિકા


પ્રસ્તાવના

1. ખ્રિસ્તી જીવનમાં તણાવ 1

2. ખોટી પસંદગીઓ, ભૂલો અને તેના પરિણામો 3

3. તેથી શાણા બનો 5

4. આત્મિક છતાં વ્યવહારું 6

5. શાણપણ—આપણી ઢાલ 9

6. ઈશ્વરની ભલાઈ 11

# પ્રસ્તાવના

**રોમનોને પત્ર 8:28**
**વળી આપણે જાણીએ છીએ કે જેઓ ઈશ્વરના ઉપર પ્રેમ રાખે છે, જેઓ તેમના સંકલ્પ પ્રમાણે તેડાયેલા છે, તેઓને માટે ઈશ્વર એકંદરે બધું હિતકારક બનાવે છે.**

પરંતુ યોગ્ય તૈયારીને અભાવે ઉદભવતી હોનારતો, ખોટી પસંદગીઓ, મૂર્ખાઈભરી ભૂલો, પૂરતા જ્ઞાન વગરના નિર્ણયો અને આળસને કારણે ભોગવવા પડતાં ભયંકર પરિણામોનું શું? ખ્રિસ્તીઓ દ્વારા પોતાની રીતે થતાં ખોટા કાર્યોને કારણે ઘટતી ઘટનાઓનું શું? ખ્રિસ્તી વ્યક્તિ જે ખૂબ જ આત્મિક છે પણ પોતાની જાતને દુન્યવી જીવન અંગે શિક્ષિત કરવાનું જેણે અવગણ્યું છે તેનું શું? ખ્રિસ્તી વ્યક્તિની પોતાની બેજવાબદારીને કારણે ઉદ્દભવતી ઘટનાઓનું શું? શું ઈશ્વર આ પ્રકારની બાબતો બનવા દે છે?

આપણે જોઈએ છીએ કે ઘણાં બધાં ખ્રિસ્તીઓ પીડાય છે અને અગમ્ય દબાણ વચ્ચે ફસાઈ જાય છે. આપણી ઈશ્વરવિદ્યા સમજાવે છે કે ઈશ્વર પોતાના લોકોને મુશ્કેલ પરિસ્થિતિઓમાં સામેલ થવા દે છે અને તેનો સામનો કરાવે છે કે જેથી તેઓ એ પરિસ્થિતિનો લાભ લઈ શકે અને આત્મિક રીતે વધુ દ્રઢ થઈ શકે. પરંતુ શું જીવનમાં આવતી બધી જ મુશ્કેલ પરિસ્થિતિઓ અને વેદના ઈશ્વર પ્રેરિત હોય છે?

જો આપણે થોડું થોભી ગયા હોત અને પરિસ્થિતિનું બારીકાઈથી નિરિક્ષણ કર્યું હોત તો, આપણે ચોક્કસ નિર્ણયો અને પસંદગીઓને પારખી શક્યા હોત કે જે ધીમે ધીમે આપણને એવી દુર્દશામાં કે જેમાં આપણે પોતાને જોઈએ છીએ. એ આપણાં ખોટા નિર્ણયો હતા—ભલે પછી તે ગમે તે સ્થિતિમાં લેવાયા હતા—જેને કારણે જે દુર્ઘટના સર્જાઈ કે જેનો આપણે સામનો કરી રહ્યા

છીએ. શું આ દુ;ખદ બાબતને આપણે આપણો આત્મિક અનુભવ ગણીને તેને માટે ઈશ્વરને જવાબદાર ઠેરવવા જોઈએ? એ સત્ય હકીકત છે આપણે સર્વ અપૂર્ણ છીએ અને ભૂલો કરીએ છીએ. પ્રથમવાર જ્યારે આપણે ખોટી પરિસ્થિતિનો સામનો કરીએ છીએ ત્યારે તેના પરિણામો ભયંકર હોય છે. ઈશ્વર પાસે આપણે માટે જે યોજનાઓ હોય છે તેને આપણી ખોટી પસંદગીઓ કેવી રીતે અસર કરે છે? શું આપણી ભૂલો ઈશ્વરના આપણાં જીવનો માટેના એ ઉત્તમ અને અતિઉચ્ચ હેતુની પરિપૂર્ણતાને પરાજીત કરે છે કે બદલી નાંખે છે? આ પુસ્તકનો ઉદ્દેશ આપણાં ખ્રિસ્તી વિશ્વાસની વ્યવહારુ બાજુને જગાડવાનો છે તેનો ઉદ્દેશ આપણને આપણાં જીવનો માટે ઈશ્વરના આયોજનની પરિપૂર્ણતા પ્રત્યે આપણી પવિત્ર જવાબદારી સમજાવવાનો છે. આપણાં કાર્યોને આત્મિકતામાં ખપાવવાનું બંધ કરીને તેને માટે જવાબદારી સ્વીકારવાનું આ તેડું છે. આ જીવનની બાબતોમાં “શાણપણને” કઢાવવાનું તેડું છે.

પ્રભુ તમને આશિષ આપો!
આશિષ રાયચૂર

# 1
# ખ્રિસ્તી જીવનમાં તણાવ

**કલોસીઓને પત્ર 3:1,2**
**[1] એ માટે જો તમને ખ્રિસ્તની સાથે ઉઠાડવામાં આવ્યા હોય, તો જ્યાં ખ્રિસ્ત ઈશ્વરને જમણે હાથે બેઠેલા છે ત્યાંની, એટલે ઉપરની, વાતો શોધો.**
**[2] ઉપરની વાતો ચિત્ત લગાડો, પૃથ્વી પરની વાતો પર નહિ.**

ઈશ્વરના રાજ્યથી તદ્દન વિરુદ્ધના વાતાવરણમાં કોઈ વ્યક્તિ જીવન જીવતા *"પ્રથમ ઈશ્વરના રાજ્યને શોધવાનો"* (માથ્થી 6:33) પ્રયત્ન કરે ત્યારે તે ખ્રિસ્તી જીવનમાં સતત તણાવનો અનુભવ થાય છે. આપણે અહીં પૃથ્વી પર જીવીએ છીએ પરંતુ આપણે ઉપરની, સ્વર્ગની, વાતો ઉપર ચિત્ત લગાડવાનું છે. પૃથ્વી ઉપરનું જીવન કારકિર્દીનું ઘડતર, "કઈક" બની બતાવવાની ઈચ્છા, સફળતા પ્રાપ્ત કરવી, ધન એકઠું કરવું જેવી અપાર જવાબદારીઓથી આપણને ઘેરી લે છે અને તે પણ અવિરત ચાલતા વ્યવસાયની સાથે આપણને જણાવવામાં આવે છે કે આપણે આપણું ચિત્ત—લાગણીઓ, ઉદ્દેશો, ઈચ્છાઓ અને વ્યસાયો—ઉપર (સ્વર્ગ)ની વાતોમાં લગાડવું! વ્યક્તિની આધ્યાત્મિક, માનસિક અને ભાવનાત્મક ક્ષમતાઓમાં વધારો કરે તે બાબતે જો કોઈ વાસ્તવિક પડકાર હોય તો તે આ બાબત હોય શકે છે! પરંતુ જો આમ હોય તો, ઈશ્વર આપણને એવો કોઈ પડકાર આપતા નથી કે જેનો આપણે સામનો ન કરી શકીએ. ઈશ્વર જાણે છે કે આપણે આ બાબત કરી શકીએ છીએ—આપણે આપણી જાતે નહિ પણ ઈશ્વરના સામર્થ્ય વડે! તેમ છતાં, આપણને મળેલા આ આદેશ પ્રમાણે આપણે આપણાં જીવનોને ગોઠવીએ છીએ ત્યારે તે "તણાવ"ને અવશ્ય લાવે છે કે જેને એવી દરેક વ્યક્તિ તરત પારખી લે છે જે "વાસ્તવિક" જગતમાં પૂરી આત્મિક પરિપકવતા સાથે જીવે છે.

દરરોજના જીવાતા જીવનમાં કોઈ વિશ્વાસી વ્યક્તિ બે અલગ અલગ દિશાઓમાં "ખેંચાતી" હોય તેવા અસંખ્ય "કિસ્સાઓ" જોવા મળે છે. દાખલા તરીકે, સફળતાના સાચા માપદંડો કયા છે? સિદ્ધિઓ પ્રાપ્ત કરવી અને ધન એકઠું કરવું એ સફળતાના દુન્યવી ધોરણો પ્રમાણેના માપદંડો છે, જ્યારે ઈશ્વરના રાજયમાં વ્યક્તિ ઈશ્વરપિતાની ઈચ્છા પરિપૂર્ણ કરે છે કે નહિ તેના પ્રમાણે સફળતા નક્કી કરવામાં આવે છે. દુન્યવી સિદ્ધિઓ હાંસલ કરવી અને પૈસા કમાવવામાં કશું જ ખોટું નથી, પરંતુ ઈશ્વરનું મહાન તેડું આપણને જણાવે છે કે *"જે કોઈ પોતાનો જીવ બચાવવા ચાહે છે, તે તેને ખોશે"* (માથ્થી 16:25). જ્યારે વિશ્વાસી વ્યક્તિ એ સ્થાને પહોંચે છે જ્યાં તેણે કયો માર્ગ—માર્ગ જે વ્યક્તિને દુન્યવી માપદંડો મુજબની સફળતામાં લઈ જાય છે તે કે માર્ગ જે વ્યક્તિને ખ્રિસ્તમાં ઈશ્વરના મહાન તેડાની પરિપૂર્ણતા તરફ લઈ જાય છે તે-અખત્યાર કરવો તેની પસંદગી કરવાની હોય છે ત્યારે તે વ્યક્તિ સતત સંઘર્ષનો સામનો કરે છે.

"સંઘર્ષના ઘણાંબધાં ક્ષેત્રો" હોવા છતાં, વિશ્વાસી વ્યક્તિએ પોતાની દુન્યવી મુસાફરી દરમ્યાન જગત અને શેતાનના વાનાઓ સાથે તર્ક કરવો જ પડશે. પ્રભુ ઇસુ ખ્રિસ્તે જાતે કહ્યું છે કે, *"કેમ કે આ જગતના દીકરાઓ પોતાની પેઢી વિષે અજવાળાના દીકરાઓ કરતાં હોશિયાર હોય છે"* (લૂક 16:8). આમ થવું જોઈએ, પરંતુ ક્યારેક બાબતો એ મુજબ જ બનતી હોય છે, ખાસ કરીને અજવાળાના દીકરાઓ જ્યારે તેમના માટે ઈશ્વરપિતા જ્ઞાન અને ડહાપણની જે દિવ્ય વ્યવસ્થાઓ પ્રાપ્ત કરાવે છે તેને પકડી રાખવામા નિષ્ફળ જાય છે. વિશ્વાસી વ્યક્તિએ પોતાના દરરોજના જીવનની ગતિવિધિઓમાં *"આ જગતના દીકરાઓ"* સાથેના સંબંધમાં, કાર્ય કરવામાં અને વિશેષ કરીને તેઓની સાથે સ્પર્ધા કરવાનું શીખવું પડશે. અને હા, વિશ્વાસીઓ તો વિશેષ કરીને વિરોધીઓને યોજનાઓનું લક્ષ્ય છે. એક શેતાન છે જે વિશ્વાસીઓ ઈશ્વરના ઉચ્ચ અને ઉત્તમ વાનાંઓથી વંચિત રહે તે માટે તેઓને લલચાવવામાં અને પરેશાન કરવામાં પુષ્કળ હર્ષ પામે છે.

# 2
# ખોટી પસંદગીઓ, ભૂલો અને તેના પરિણામો

**ગલાતીઓને પત્ર 6:7,8**

**[7] ભૂલો નહિ, ઈશ્વરની મશ્કરી કરાય નહિ. કોઈ માણસ જે કાંઈ વાવે તે જ તે લણશે.**

**[8] કેમ કે જે પોતાના દેહને અર્થે વાવે તે દેહથી વિનાશ લણશે, પણ જે આત્માને અર્થે વાવે તે આત્માથી અનંતજીવન લણશે.**

આ અને આજ પ્રકારના બીજા "તણાવો" દરમ્યાન, દુન્યવી દબાણ અને શેતાનના પરીક્ષણો, અને વિશ્વાસી વ્યક્તિઓ ભૂલ કરી બેસે છે. એવું વિધાન કરવું લગભગ નિરાશાવાદી અને નકારાત્મક છે, અને છતાં એ વાસ્તવિકતા છે કે આપણે જીવનમાં ક્યારેક ખોટી પસંદગીઓ અને નબળા નિર્ણયો કરીએ છીએ. એવાં વિશ્વાસીઓનો વિચાર કરો કે જેઓ જીવનસાથીની પસંદગી બાબતે સમાધાનકારી વલણ અપનાવે છે. એવાં ઘણાં નિર્ણયો અંગે વિચારો જેમ કે શૈક્ષણિક કે વ્યાવસાયિક કારકિર્દીની પસંદગી, રહેઠાણનું સ્થળ, મિત્રોની પસંદગી, નાણાકીય વ્યવહારો અને શોખ વિગેરે. જ્યારે કોઈ વ્યક્તિ તેના સ્વર્ગીય તેડાને આધીન થવામાં આગળ વધે છે ત્યારે મામલો વધુ ગંભીર બનતો જાય છે કારણ કે ત્યારે જ તેને તેના દરેક નિર્ણયો—ક્યાં, ક્યારે, શું અને કેવી રીતે પોતાના જીવનના પ્રત્યેક ક્રમ અને તેની બાબતોનો આ પૃથ્વી ઉપર, ઈશ્વરના રાજ્યને કેવી રીતે પ્રભાવિત કરે છે તેની સમજ આવવા લાગે છે.

આપણાં દરેક નિર્ણયોના ચોક્કસ પરિણામો હોય છે. આપણાંમાથી કેટલાએક તેની ગંભીરતાને સમજતા નથી. આપણે એવું માની લઈએ છીએ કે આપણાં ઈશ્વર તો કૃપાના ઈશ્વર

છે, અને તેથી જાણતા કે અજાણતા આપણે તેનો “ગેરલાભ” ઉઠાવીએ છીએ. હા, ઈશ્વરના રાજયમાં દરેક બાબત કૃપાન્વિત છે અને છતાં, ઈશ્વરે કેટલીક ચોક્કસ બાબતો માટે આપણને જવાબદારીઓ સોંપી છે. એ આપણું કર્તવ્ય છે કે આપણને જે સત્ય શીખવવામાં આવ્યું છે તેને અનુરૂપ જીવન જીવીએ. એ આપણી જવાબદારી છે આપણને જે કઈં કામ સોંપવામાં આવ્યું છે તેને મહેનતથી કરીએ અને આળસ કરવાનું ટાળીએ. એ આપણી જવાબદારી છે કે દેહની વાસનાઓને વધસ્તંભે જડી દઈએ અને દુન્યવી પરીક્ષણો અને શેતાનનો પ્રતિકાર કરીએ. આ કેટલીક બાબતો છે જે આપણે માટે ઈશ્વર નહિ કરે. ઈશ્વર આપણને ડહાપણ અને જ્ઞાન જરૂર આપશે (જો આપણે માંગીશું તો) પરંતુ નિર્ણય આપણે લેવાનો છે અને આપણે લીધેલા નિર્ણયના પરિણામો ભોગવવા આપણે તૈયાર રહેવું પડશે.

# 3
# તેથી શાણા બનો

**માથ્થી 10:16**
**જુઓ, વરુઓમાં ઘેટાંના જેવા હું તમને મોકલું છું. માટે તમે સાપના જેવા હોશિયાર, તથા કબૂતરના જેવા સાલસ થાઓ.**

ઘેટાં—ઈશ્વરના લોકો—ખાસ કરીને સૌહાદપૂર્ણ (મૈત્રીપૂર્ણ) વાતાવરણમાં નથી! આ બાબત અંગે ચેતવણી આપતા, પ્રભુ ઈસુએ આપણને સૂચના આપી છે કે આપણે *"સાપના જેવા હોશિયાર અને કબૂતરના જેવા સાલસ"* બનીએ. જગત પ્રતિકૂળ અને દુષ્ટ હોવા છતાં, આપણે જગતની ભૂંડાઇને બદલે ભૂંડાઇ કરવાની નથી. તેને બદલે, આપણે *"સારાથી ભૂંડાનો પરાજય"* કરવાનો છે (રોમનોને પત્ર 12:21). આપણે ખ્રિસ્તની કૃપા અને સદગુણોનું આચરણ કરવાનું છે. બિનમૈત્રીપૂર્ણ જગતમાં જીવતા આપણને *"કબૂતર જેવા સાલસ"* થવાની જે સલાહ ઈસુ ખ્રિસ્ત દ્વારા આપણને આપવામાં આવી છે તેનો અર્થ કઇંક આ જ થાય છે. પ્રભુ ઈસુની શિખામણનું જે બીજું પાસું છે તે *"સાપ જેવા હોશિયાર"* થવા અંગે છે. આપણે જ્યારે આ જગતમાં જીવીએ છીએ ત્યારે આપણે શાણા અને સમજદાર બનવાનું છે. આપણે આપણી આત્મિકતાનો, ખાસ કરીને આપણાં જીવન સંબંધી બાબતોનો, શાણપણ અને સમજદારી સાથે સુમેળ કરવાનો છે. આ જગતના લોકો મોટભાગે આપણી આત્મિકતાથી પ્રભાવિત થતાં નથી. હકીકતમાં, આત્મિક મનવાળા વિશ્વાસી વ્યક્તિને ઘણાં લોકો તિરસ્કાર અને અનાદરથી જુએ છે. અને તેથી, જો આપણે આ જગતમાં સફળતાપૂર્વક અને વિજયવંત રીતે જીવવું હશે તો આપણે થોડું સમજદાર બનવું પડશે.

# 4
# આત્મિક છતાં વ્યવહારું

આત્મિક હોવું એ જેટલું ઉત્તમ અને ખાસ કરીને અગત્યનું છે, તેટલું જ વ્યવહારું બનવું પણ જરૂરી છે. માત્ર આત્મિક બની રહેવાથી કોઈ વ્યક્તિ પોતાના જીવનમાં ઈશ્વરના હેતુઓની પરિપૂર્ણતા કરશે અને ઈશ્વરના રાજ્યને માટે આ પૃથ્વી પર કઇંક કરી દેખાડશે એ અંગેની કોઈ ખાતરી નથી. વિશ્વાસી વ્યક્તિએ આત્મિકતા અને વાસ્તવિક શાણપણ અને સમજદારીનો સમન્વય કરવો પડશે. દાખલા તરીકે, તમે વિશ્વાસી ખ્રિસ્તી વ્યક્તિ છો તેથી તમારું લગ્નજીવન સફળ થશે જ તેની કોઈ ખાતરી નથી. તમારા લગ્નજીવનને સફળ બનાવવા માટે તમારે લગ્ન અને કુટુંબને લગતા સદગુણોનું પાસાઓને સમજવા પડશે અને તે સુખી પરિવારના બાંધકામ માટે તે સમજણને અમલમાં મૂકવી પડશે. એ જ રીતે તમારા દશાંશ અને દાનાર્પણો માત્ર તમારી નાણાકીય સમૃદ્ધિની ખાતરી આપતા નથી. આમ કરવા ઉપરાંત, તમારે શીખવું પડશે કે તમે તમારા બાકી બચેલા નાણાંનો કેવા શાણપણથી ઉપયોગ કરો છો.

તમે વિશ્વાસ કરો છો કે ઈશ્વર પોતાના બાળકોને દિવ્ય સામર્થ્યથી સાજાપણું આપે છે અને આશીર્વાદિત કરે છે તેનો અર્થ એવો નથી થતો કે તમે ખોરાક અંગેની તમારી આદતોમાં બેદરકાર બનીને ગમે તે અને ગમે તેટલું ખાઈ લો અને અસહ્ય કામ કરીને તમારા શરીરને થકવી નાંખો. ઈશ્વર પોતાના લોકો પાસે અપેક્ષા રાખે છે કે તેઓ પોતાના શરીરોની કાળજી લેવા સંબંધી શિસ્તની ભાવના કેળવે. અંતે તો આપણું શરીર ઈશ્વરનું મંદિર છે. અને હા, કેમ કે ઈશ્વરે તમારા જીવનમાં તેડું આપ્યું છે તેનો અર્થ ઈશ્વરનું આવો નથી થતો કે તમે લક્ષ્યવિહીન આમતેમ “ભટક્યા” કરો અને છતાં એવી અપેક્ષા રાખો કે ઈશ્વર તમારા જીવનમાં તેઓના હેતુઓની પરિપૂર્ણતા કરશે.

બીજી બાજુ જોઈએ તો, તમારે તમારી જાતને તૈયાર કરવાની, તાલિમબદ્ધ કરવાની અને સજ્જ કરવાની જરૂર છે તથા તમારા જીવનમાં ઈશ્વરના હેતુઓની પરિપૂર્ણતા માટે તમારે ઈશ્વર સાથે પગલાં માંડીને ચાલવાનું છે.

જેઓ ખ્રિસ્તી સેવામાં છે, તેઓ માટે પૃથ્વી પર પૂર્ણપણે અસરકારક બનવા માટે માત્ર અભિષિક્તા પ્રાપ્ત કરવી એટલું જ પૂરતું નથી. પૃથ્વી ઉપર ઈશ્વરનાં રાજ્યના ફેલાવાને માટે આપણાં સેવાકીય કાર્યો વિસ્ફોટક સ્વરૂપ ધારણ કરે તે માટે આપણે આપણાં કાર્યોને વ્યસ્થિત ક્રમમા મૂકવાનું, તેનું યોગ્ય સંકલન કરવાનું અને તેને યોગ્ય દિશા આપવાનું આપણે શીખવું પડશે. એ સત્ય છે છે અભિષિક્તા જ શેતાનની ઝૂંસરી તોડી નાંખશે અને લોકોને છુટકારો આપશે, પરંતુ એ પણ વાસ્તવિક્તા જ છે કે આપણને જે સેવા સોંપવામાં આવી છે અને તેને માટે જે અભિષિક્તા પ્રદાન કરવામાં આવી છે તેનો ગેરવહીવટ અને યોગ્ય આયોજનનો અભાવ અભિષિક્તાનાં પ્રભાવને અટકાવે છે અને તેને ઓછો કરી નાંખે છે.

આપણે ક્યારેક ઈશ્વર કરતાં પણ વધુ આત્મિક હોવાનો ડોળ કરીએ છીએ! ક્યારેક આપણે એટલા બધા આત્મિક બની જઈએ છીએ કે પૃથ્વી ઉપર આપણે કશા કામના રહેતા નથી! મને લાગે છે આ પરિસ્થિતિમાં ઈશ્વર માટે પણ આવી વ્યક્તિનો તેમના રાજ્યને માટે ઉપયોગ કરવો મુશ્કેલ બની જાય છે!  એક સમય હતો જ્યારે મેં ઘણાં દિવસો સુધી એ મુદ્દા ઉપર ચિંતન કર્યું કે અમારા કાર્યો અમારા જીવનો માટે ઈશ્વરની યોજનાઓને ખરેખર અસર કરે છે, તેને બદલી નાંખે છે કે તેને પ્રભાવિત કરે છે. એ ખૂબ જ શાંત મનનનો સમય હતો. એક તરફ, હું જાણતો હતો કે ઈશ્વર સર્વશક્તિમાન છે અને તેમની યોજનાઓને પરાજિત કરી શકાય નહિ, *"હું જાણું છું કે તમે બધુ કરી શકો છો, અને તમારી કોઈ યોજનાને અટકાવી શકાય નહિ"* (અયૂબ 42:2). તો બીજી તરફ, આપણે બાઈબલમાં જોઈએ છીએ કે ઈશ્વરને પોતાની યોજનાઓ અને હેતુઓને પૂર્ણ કરવા માટે માનવીય સહકાર

અને આધીનતાની જરુર છે. સામાન્ય “વિશ્વવ્યાપી” સ્તરે, ઈશ્વર તેમના સાર્વભૌમત્વમાં તેમણે માનવજાત માટે જે હેતુઓ રાખ્યા છે તે સર્વ પૂર્ણપણે સિદ્ધ કરવા માંગે છે. પરંતુ વ્યક્તિગત સ્તરે, આપણાં કાર્યો જ ઈશ્વરના આપણાં જીવનો માટેના હેતુનોની પરિપૂર્ણતાને પ્રભાવિત કરે છે. એ દુ:ખદ વાસ્તવિક્તા છે કે ઘણા વિશ્વાસીઓ તેમના પોતાના કાર્યોને કારણે જ તેમના જીવનો માટેના ઈશ્વરના ઉચ્ચ અને ઉત્તમ વાનાઓ પ્રાપ્ત કરવામાં નિષ્ફળ જાય છે.

# 5
# શાણપણ—આપણી ઢાલ

**સભાશિક્ષક 9:16,18**
**[16] ત્યારે મેં કહ્યું કે બળ કરતાં બુદ્ધિ ઉત્તમ છે. તેમ છતાં ગરીબ માણસની બુદ્ધિને તુચ્છ ગણવામાં આવે છે, અને તેનું કહેવું કોઈ સાંભળતું નથી.**
**[18] યુદ્ધશસ્ત્રો કરતાં બુદ્ધિ શ્રેષ્ઠ છે, પણ એક પાપી માણસ ઘણી ઉત્તમતાનો નાશ કરે છે.**

**સભાશિક્ષક 10:10**
**... માટે બુદ્ધિ લાભકારક છે.**

**નીતિવચનો 4:7,8**
**[7] જ્ઞાન એ જ મુખ્ય વસ્તુ છે. તેથી તે પ્રાપ્ત કર. તારી બધી કમાણી ઉપરાંત બુદ્ધિ પ્રાપ્ત કર.**
**[8] તેનું સન્માન કર, અને તે તને ઉચ્ચ પદવીએ ચઢાવશે. તું તેને ભેટીશ તો તે તને પ્રતિષ્ઠિત કરશે.**

જેમ જેમ મેં ઉપરના વચન પર ચિંતન કરવાનું ચાલુ રાખ્યું, મને મારા પોતાનાં જીવનની એવી ઘણી ઘટનાઓ યાદ આવી કે જ્યાં મેં ભૂલો કરી હતી. જો મેં સખત મહેનત કરી હોત તો? જો મેં બીજી બાબતોના બદલે આ બાબતની પસંદગી કરી હોત તો? બીજા કોઈ ક્ષેત્રમાં મારી શક્તિ અને સમય રોકાણ કરવાને બદલે મેં આ બાબતમાં રોકાણ કર્યું હોત તો શું મારી પાસે જરૂરી જાણકારી અને જ્ઞાન હોત—હું વધુ બુદ્ધિશાળી હોત તો શું પરિસ્થિતી જુદી હોત? મારા પોતાના કાર્યોને લીધે જ મારે જે મુશ્કેલીઓ અને અછતોનો સામનો કરવો પડ્યો તેને હું ટાળી શક્યો હોત. જ્યારે આ બાબતોનો હું વિચાર કરું છું ત્યારે હું કેવળ સ્વર્ગીય પિતાને પોકાર કરીને પ્રાર્થના કરું છું હું તેમના ઉચ્ચ અને ઉત્તમ યોજનાઓ જે મારા જીવનમાટે છે તેને ચૂકી ના જાઉં. હું શાણપણભર્યા નિર્ણયો લેવાના મહત્વ અંગે ખૂબ ગંભીરતાથી વિચારવા દોરાયો. શાણપણ આપણી ઢાલ છે.

જ્યારે આપણે શાણપણથી ચાલીએ છીએ ત્યારે આપણે સુરક્ષિત ચાલીએ છીએ. પવિત્ર શાસ્ત્ર આપણને કહે છે, *"... બુદ્ધિમાન માણસનું અંતઃકરણ પ્રસંગ તથા ન્યાય સમજે છે. કેમ કે દરેક પ્રયોજનને માટે પ્રસંગ તથા ન્યાય હોય છે"* (સભાશિક્ષક 8:5,6). દરેક પ્રયોજનને માટે યોગ્ય સમય અને યોગ્ય નિર્ણય હોય છે. "શાણપણ"ને ખબર હોય છે કે કોઈ ચોક્કસ પરિસ્થિતિમાં ક્યારે, કેવી રીતે અને કયો નિર્ણય કરવો જોઈએ.

ઈશ્વરનું વચન કહે છે, *"તારા પગનો માર્ગ સપાટ કર, અને તારા સર્વ રસ્તા નિયમસર થાય"* (નીતિવચનો 4:26). બીજા શબ્દોમાં કહીએ તો, તમે જે નિર્ણય લઈ રહ્યા છો તે અંગે થોભી જાઓ, ધ્યાન રાખો અને તે અંગે બે કે ત્રણવાર વિચાર કરો. એક કરતાં વધુ વખત, ડહાપણભર્યો નિર્ણય લેતી વખતે, જે બાબત અંગે આપણે નિર્ણય લેવાનો છે તેને માટે આપણી સમજણ અને જ્ઞાનમાં વધારો થાય તે હેતુથી શક્ય એટલી વધુ માહિતી એકઠી કરી લેવી જોઈએ. કોઈ ચોક્કસ વિષયમાં આપણાં કરતાં વધુ અનુભવી અને શિક્ષિત વ્યક્તિ સાથે વાત કરવી અને તેમના દ્વારા શીખવું આપણે માટે ઘણું ફાયદાકારક સાબિત થાય છે. અને તેથી જ પવિત્ર શાસ્ત્ર કહે છે, *"જ્ઞાની માણસ સમર્થ છે, હા, વિદ્વાન માણસ [પોતાની] શક્તિ વધારે છે. કારણ કે ચતુર [માણસ]ની સલાહ પ્રમાણે તું યુદ્ધ કરશે. અને વધારે સલાહકારીઓમાં સલામતી છે"* (નીતિવચનો 24:5,6). આપણે આપણી જાતને એટલા બધા આત્મિક ગણવા જોઈએ નહિ કે જેથી આપણને સલાહ અને માર્ગદર્શનની જરૂર ન પડે.

ખ્રિસ્તી સેવકાર્યમાં, અભિષિક્તા અને કૃપાદાનો વિશેષ રીતે અગત્યના છે. જોકે આ બાબતોનો મહત્તમ ઉપયોગ થાય અને તેનો કાયમી પ્રભાવ જોવા મળે તેવું ઇચ્છતા હોઈએ તો, આપણી અભિષિક્તા અને કૃપાદાનોની સાથે ઉચ્ચ આગેવાનીની કુશળતા, સારી વહીવટી ક્ષમતા, સખત મહેનત, શિસ્તપાલન, સતત સુધારાની મનોકામના અને સૌથી ઉપર ઈશ્વરીય ડહાપણ અત્યંત જરૂરી છે.

# 6
# ઈશ્વરની ભલાઈ

**નીતિવચનો 3:5,6**

**5 તારા ખરા હૃદયથી યહોવા પર ભરોસો રાખ. અને તારી પોતાની જ અક્કલ પર આધાર ન રાખ.**

**6 તારા સર્વ માર્ગોમાં પ્રભુ [નો અધિકાર] સ્વીકાર. એટલે તે તારા રસ્તાઓ સીધા કરશે.**

તેમ છતાં, આપણાં સાર્વભૌમ ઈશ્વરપિતા ભલા અને દયાળુ છે. તેઓ એક નાની ચકલીને પણ ભૂલતા નથી. અરે, આપણાં માથાનાં પ્રત્યેક વાળ પણ તેમના દ્વારા ગણેલા છે (લૂક 12:6,7). સાર્વભૌમત્વમાં, ઈશ્વરપિતા પોતાની જાતને અલૌકિક રીતે આપણાં રોજબરોજનાં જીવનની ગતિવિધિઓમાં પોતાને સામેલ કરે છે. ઈશ્વરપિતાને આપણી પાસેથી જે જોઈએ છે તે એ કે આપણે તેમના પર ભરોસો રાખીએ અને તેમને સ્વીકારી લઈએ, અને તેમણે તો આપણાં પગલાં ગોઠવવાનું વચન આપેલું જ છે. અને હા, આપણાં જીવનના અનેકવિધ પાસાઓ માટે ઈશ્વરનાં સમજણ અને શાણપણને પ્રાપ્ત કરવાની કરવાની જવાબદારી આપણાં શિરે છે. જ્યારે આપણે આ પ્રમાણે કરીએ છીએ ત્યારે, ઈશ્વર દ્વારા આપણાં પગલાં સ્થિર કરવામાં આવે છે. *"જ્યારે માણસનો માર્ગ યહોવાને પસંદ પડે છે, ત્યારે તે તેનાં પગલાં સ્થિર કરે છે"* (ગીતશાસ્ત્ર 37:23). ઈશ્વરે જે મહાન યોજનાઓ આપણાં જીવન માટે નિર્ધારિત કરી છે તેમાં આગળ વધવા માટે તેઓ આપણાં જીવનમાં બનનાર ઘટનાઓને ક્રમાનુસાર ગોઠવશે. આ પ્રક્રિયા દરમ્યાન, જોકે આપણાંથી કોઈ ભૂલ થઈ જાય, આપણે હઠીલા બની જઈએ કે ગફલત કરી બેસીએ તોપણ આપણે સદંતર નાશ પામનાર નથી કેમ કે આપણાં ઈશ્વર આપણને સંભાળી લેશે. આપણાં જીવનો માટે દેવના દર્શનનો અહીં અંત નથી થતો. *"જો કે તે*

*પડી જાય તોપણ તે છેક જમીનદોસ્ત થશે નહિ, કેમ કે યહોવા તેનો હાથ પકડીને નિભાવશે"* (ગીતશાસ્ત્ર 37:24). ઈશ્વરપિતા આપણને ફરીથી આપણાં પગ ઉપર ઊભા કરશે અને આપણી જીવનયાત્રામાં આપણને દોરી લઈ જશે. આને માટે ઈશ્વરની સ્તુતિ થાઓ!

**ગીતશાસ્ત્ર 40:1-3**

**1 મેં ધીરજથી યહોવાની રાહ જોઈ, અને તેમણે કાન દઈને મારી અરજ સાંભળી.**

**2 તેમણે મને નાશના ખાડામાંથી તથા ચીકણા કાદવમાંથી ખેંચી કાઢ્યો. તેમણે મારા પગ ખડક પર ગોઠવ્યા. અને મારા પગલાં સ્થિર કર્યા.**

**3 તેમણે નવું ગીત, એટલે આપણાં ઈશ્વરનું સ્તોત્ર, મારા મુખમાં મૂક્યું છે, ઘણાં તે જોશે અને બીશે, અને યહોવા પર ભરોસો રાખશે.**

ગીતકાર, દાઉદ, પોતાને *"ભયાનક ખાડામાં"* પડેલો અને પોતાના પગને *"ચીકણા કાદવમાં"* ખૂંપી ગયેલા અનુભવે છે. દાઉદનું આ પ્રકારની પરિસ્થિતિમાં હોવું ઘણાં બધાં કારણોને લીધે હોય શકે છે. પરંતુ તે કહે છે કે *"તેણે ધીરજથી યહોવાની રાહ જોઈ"*, ઈશ્વરે તેનો પોકાર સાંભળ્યો અને તેને નાશના ખાડામાંથી બહાર કાઢ્યો તથા તેને પૂર્વવત સ્થાપિત કર્યો (ગીતશાસ્ત્ર 40:1-3). હાલેલૂયાહ! આ જ તો ઈશ્વરની ભલાઈ છે. આપણે ભૂલો કરીએ અને ભયાનક તથા ઊંડા ખાડામાં પડી જઈએ તોપણ, ઈશ્વર આપણને બહાર કાઢે છે અને મજબૂત સ્થિતિમાં સ્થાપિત કરે છે. બની શકે કે આપણી ભૂલોથી આપણે વેદના સહન કરવી પડે. આપણાં અયોગ્ય નિર્ણયોને કારણે વિલંબ વેઠવો પડે. આપણી નિષ્ફળતાઓ આપણને ચકરાવે ચઢાવે, પરંતુ જો આપણે ઈશ્વરનો હાથ પકડી રાખીશું તો તેઓ આપણાં જીવનમાં તેમના હેતુઓ સિદ્ધ કરવામાં આપણને જરૂર સક્ષમ બનાવશે. આપણી નિષ્ફળતાઓ કરતાં ઈશ્વર મોટા છે. ઈશ્વર આપણી ભૂલો કરતાં પણ મહાન છે. જો આપણે આપણી ભૂલોમાંથી બોધપાઠ લઈએ છીએ, શાણપણ અને સમજણ સાથે આપણી દોડ ચાલુ રાખીએ છીએ, તો ઈશ્વર આપણને જરૂરથી આપણાં ગંતવ્ય સ્થળ, અંતિમ મુકામ સુધી લઈ જશે. એ તો

ઈશ્વર જ છે જે આપણાં વિલાપને હર્ષમાં ફેરવી શકે છે. *“તમે મારા વિલાપને બદલે મને નૃત્ય આપ્યું છે. તમે મારું ટાટ ઉતારીને મને ઉત્સાહથી વેષ્ટિત કર્યો છે”* (ગીતશાસ્ત્ર 30:11). ઈશ્વર બદસૂરત બાબતોને સુંદર બનાવી શકે છે. તેઓ આપણી હતાશાને દિવ્ય આશામાં પલટી શકે છે. ઈશ્વર સમય કરતાં પણ મહાન છે. *“તીડો, કાતરાઓ, ઇયળો તથા જીવડાંઓની મોટી ફોજ જે મેં મારા તરફથી તમારામાં મોકલી હતી, તે જે વરસો [નો પાક] ખાઈ ગયાં છે, તેનો બદલો હું તમને વાળી આપીશ”* (યોએલ 2:25). આપણી ખોટી પસંદગીઓને કારણે આપણને જે નુકશાન થયું છે તેને કેવી રીતે ભરી આપવું તે ઈશ્વર બરાબર જાણે છે.

# શું તમે જાણો છો કે ઈશ્વર તમને પ્રેમ કરે છે?

આશરે 2000 વર્ષ અગાઉ, ઈશ્વર આ જગતમાં માનવ તરીકે આવ્યા. તેમનું નામ ઇસુ છે. તેઓ સંપૂર્ણપણે પાપરહિત જીવન જીવ્યા. જે રીતે ઇસુ દૈહિક રીતે ઈશ્વર હતા, તેથી તેમણે જે કહ્યું અને કર્યું તે આપણી સમક્ષ ઈશ્વરને પ્રગટ કરે છે. તેઓ જે શબ્દો બોલ્યા તે સાચે જ ઈશ્વરના શબ્દો હતા. તેઓએ જે બાબતો કરી તે દરેક ઈશ્વરના કાર્યો હતા. ઇસુએ પૃથ્વી પર ઘણાં ચમત્કારો કર્યા. તેમણે માંદાઓ અને દુ:ખીઓને સાજા કર્યા. તેમણે આંધળાઓની આંખો ખોલી, બહેરાઓના કાન ખોલી નાખ્યા, લંગડાઓને ચાલતા કર્યા અને દરેક પ્રકારની બીમારીઓ અને રોગ મટાડ્યા. તેમણે ચમત્કારિક રીતે થોડી રોટલીને અનેકઘણી કરીને ભુખ્યાઓને ખવડાવ્યું, તોફાનને શાંત કર્યું અને બીજી ઘણી અદ્દભુત બાબતો કરી.

**આ દરેક કાર્યો આપણને દર્શાવે છે ઈશ્વર ભલા ઈશ્વર છે જે ચાહે છે કે બધા જ લોકો સારું, સંપૂર્ણ, તંદુરસ્ત અને સુખી જીવન જીવે. ઈશ્વર ચાહે છે કે બધા જ લોકોની જરૂરિયાતો પૂરી પડાય.**

તો શા માટે ઈશ્વરે માનવ બનીને આ જગતમાં આવવાનું નક્કી કર્યું? શા માટે ઇસુ આવ્યા?

આપણે દરેકે પાપ કર્યું છે અને ઈશ્વર કે જેણે આપણું સૃજન કર્યું તેની સમક્ષ અસ્વીકાર્ય કાર્યો કર્યા છે. પાપના પરિણામો નક્કી જ છે. પાપ એ આપણી અને ઈશ્વરની વચ્ચે અભેદ દીવાલ સમાન છે. પાપ આપણને ઈશ્વરથી જુદા કરે છે અને જેમણે આપણું સર્જન કર્યું છે તેવા ઈશ્વરને પારખવાથી અને તેમની સાથે અર્થપૂર્ણ સબંધ રાખતા અટકાવે છે. અને તેથી ઘણાં લોકો આ ખાલી જગ્યાને અન્ય બાબતોથી ભરવા માટે પ્રયાસ કરે છે.

આપણાં પાપનું અન્ય એક પરિણામ ઈશ્વરથી અનંતકાળીક વિચ્છેદ છે. ઈશ્વરના ન્યાયાલયમાં, પાપની સજા મૃત્યુદંડ છે. મૃત્યુ-સદાને માટે નરકમાં ઈશ્વરથી વિચ્છેદ છે.

પરંતુ સુસમાચાર એ છે કે આપણે પાપથી છુટકારો મેળવી શકીએ છીએ અને ઈશ્વરમાં પુન: સ્થાપિત થઈ શકીએ છીએ. બાઇબલ કહે છે કે, ***“કેમ કે પાપનો મુસારો મરણ છે, પરંતુ આપણાં પ્રભુ ઇસુ ખ્રિસ્તમાં દેવનું***

*કૃપાદાન અનંતજીવન છે"* **(રોમનને પત્ર 6:23).** જ્યારે ઇસુ વધસ્તંભ પર મરણ પામ્યા ત્યારે તેમણે સમગ્ર જગતના પાપોને સારું ખંડણી ભરી દીધી છે. ત્યારબાદ ત્રણ દિવસ પછી તેઓ સજીવન થયા, ઘણાઓને પોતે જીવંત છે તે બતાવ્યુ અને ત્યાર પછી પાછા સ્વર્ગમાં જતાં રહ્યા.

ઈશ્વર પ્રેમ અને દયા કરવામાં ભલા છે. તેઓ એવું નથી ઇચ્છતા કે કોઈપણ વ્યક્તિ નરકમાં જાય. અને તેથી, તેઓ સમગ્ર માનવજાતને પાપથી છુટકારો પામવાનો રસ્તો અને એના અનંતકાળીક પરિણામો બતાવવા આવ્યા. તેઓ પાપીઓને બચાવવાને—તમારા અને મારા જેવા લોકોને પાપથી છોડાવવા અને અનંતકળીક મૃત્યુથી બચાવવા આવ્યા.

પાપોની આ મફત માફી મેળવવા માટે, બાઇબલ આપણને કહે છે કે આપણે કેવળ એક જ કામ કરવાનું છે—પ્રભુ ઇસુએ વધસ્તંભ જે કાર્ય કર્યું તેને સ્વીકારી લેવું અને તેમના પર પૂરા હ્રદયથી વિશ્વાસ કરવો.

*"... જે કોઇ તેના ઉપર વિશ્વાસ કરે છે તે તેના નામથી પાપની માફી પામશે."* **(પ્રેરિતોના કૃત્યો 10:43).**

*"જો તું તારે મોઢે ઇસુને પ્રભુ તરીકે કાબુલ કરીશ, અને દેવે તેને મુએલામાંથી પાછો ઉઠાડયો, એવો વિશ્વાસ તારા અંત:કરણમાં રાખીશ તો તું તારણ પામીશ."* **(રોમનોને પત્ર 10:9).**

જો તમે પ્રભુ ઇસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરશો તો તમે પણ તમારા પાપની માફી અને શુદ્ધતા પામી શકો છો.

અહીં નીચે એક સરળ પ્રાર્થના આપવામાં આવી છે જે તમને પ્રભુ ઇસુએ તમારે માટે વધસ્તંભ પર જે કાર્ય કર્યું તેના પર વિશ્વાસ કરવાનો નિર્ણય લેવામાં મદદરૂપ થશે. આ પ્રાર્થના તમને પ્રભુ ઇસુએ તમારે માટે જે કર્યું છે સ્વીકારવાની અભિવ્યક્તિમાં અને પાપોની માફી તથા શુદ્ધતા પ્રાપ્ત કરવા માટે મદદરૂપ થશે. આ પ્રાર્થના માત્ર એક માર્ગદર્શિકા છે. તમે તમારા પોતાના શબ્દોમાં પણ પ્રાર્થના કરી શકો છો.

*પ્રિય પ્રભુ ઇસુ, તમે મારે માટે વધસ્તંભ પર જે કાર્ય કર્યું તેને હું આજે સમજ્યો છું. તમે મારે માટે મરણ પામ્યા. તમે તમારું મૂલ્યવાન રક્ત મારે માટે વહેવડાવ્યું અને મારા પાપોની ખંડણી ભરી કે જેથી મને મુક્તિ મળે. બાઇબલ મને કહે છે કે જે કોઈ તમારા નામ વિશ્વાસ કરે છે*

*તે તેના પાપોથી છુટકારો પામે છે.*

*આજે, મે તમારા પર વિશ્વાસ કરવાનું અને વધસ્તંભ પર મરણ પામીને તથા મરણમાંથી સજીવન થઈને મારે જે જે કાર્ય કર્યું છે તેને સ્વીકારવાનું નક્કી કર્યું છે. હું જાણું છું કે હું મારા સારા કર્મો વડે મારી જાતને બચાવવામાં અસમર્થ છું, અને અન્ય કોઈ મનુષ્ય મને બચાવી શકતો નથી કે મારા પાપોને માટે કિંમત ચૂકવી શકતો નથી.*

*આજે, હું મારા હ્રદયમાં વિશ્વાસ કરૂં છું અને મારે મોઢે કબુલ કરૂં છું કે તમે મારે માટે મરણ પામ્યા, તમે મારા પાપોને માટે ખંડણી ચૂકવી છે, તમે મરણમાંથી સજીવન થયા છો, અને તમારા પરના વિશ્વાસ થકી, મને મારા પાપોની ક્ષમા અને શુદ્ધિકરણ પ્રાપ્ત થાય છે.*

*પ્રભુ ઇસુ તમારો આભાર. તમને પ્રેમ કરવામાં, તમને વધુ પારખવામાં અને તમને વિશ્વાસુ બની રહેવા માટે મને મદદ કરો.*

*આમેન*

# ઓલ પીપલ્સ ચર્ચ વિષે

ઓલ પીપલ્સ ચર્ચ ખાતે અમારું દર્શન છે કે અમે બેંગ્લોર શહેરમાં મીઠું અને પ્રકાશ બનીએ, દેશ અને વિદેશોમાં એક અવાજ બનીએ.

ઓલ પીપલ્સ ચર્ચ એ એક **ઇસુ પ્રેમી**, **વચન કેન્દ્રિત**, **આત્માથી ભરપૂર**, કૌટુંબિક મંડળી, સજ્જતાનું કેન્દ્ર, મિશન કેન્દ્રની સેવા આધારિત અને એક વિશ્વવ્યાપી સુવાર્તા સંગઠન છે.

- **કૌટુંબિક મંડળી તરીકે**, અમે ખ્રિસ્ત કેન્દ્રિત સંગત સમાજ તરીકે, ઈશ્વરની મંડળી તરીકે એકબીજાની કાળજી લઈને અને સેવા કરીને સાથે મળીને વૃદ્ધિ પામીએ છીએ.
- **સજ્જતાના કેન્દ્ર તરીકે**, અમે દરેક વિશ્વાસી વ્યક્તિને વિજયવંત જીવન જીવવા, ખ્રિસ્તસમાન ચારિત્ર્યમાં પરિપક્વ બનવા અને તેઓના જીવનોમાં ઈશ્વરના હેતુઓ પરિપૂર્ણ કરવા માટે સક્ષમ અને સજ્જ કરીએ છીએ.
- **મિશન કેન્દ્ર તરીકે**, અમારા શહેર, દેશ અને વિદેશોને ઈશ્વરના વચનો અને પવિત્ર આત્માના અલૌકિક પ્રકટીકરણ વડે ઇસુ ખ્રિસ્તની પૂર્ણ સુવાર્તા સાથે આશીર્વાદિત કરવા અમે અર્થપૂર્ણ સેવા કરવામાં લાગેલા છીએ.
- **વિશ્વવ્યાપી સુવાર્તા સંગઠન તરીકે**, અમે સ્થાનિક અને વૈશ્વિક સ્તરે ઈશ્વરના આગેવાનોને અને આત્માથી ભરપૂર મંડળીઓનું પોષણ કરીએ છીએ જે તેઓના વિસ્તારોને ઈશ્વરના રાજ્ય માટે પ્રભાવિત કરે.

ઓલ પીપલ્સ ચર્ચ ખાતે, અમે ઈશ્વરના પવિત્ર આત્માના અભિષિક્તપણામાં અને પ્રકટીકરણમાં ઈશ્વરના વચનને કોઈપણ જાતનું સમાધાન કર્યા વિના સંપૂર્ણપણે રજૂ કરવા પ્રતિબદ્ધ છીએ. અમે માનીએ છીએ કે સારું સંગીત, રચનાત્મક રજૂઆત, નિષ્ણાત બાઇબલ જ્ઞાન, સમકાલીન સેવાકીય તકનીકો, આધુનિક તકનીકી સાધનો, અને વિગેરે, પવિત્ર આત્માના સામર્થ્યમાં ચિન્હો, ચમત્કારો, આશ્ચર્યકારક કાર્યો અને કૃપાદાનો થકી ઈશ્વર દ્વારા અભિષિક્ત વચન પ્રગટ કરવાના અભિગમનું સ્થાન લઈ શકે નહિ (કરિન્થિઓને પહેલો પત્ર 2:4,5; હિબ્રુઓને પત્ર 2:3,4). અમારો મુદ્રાલેખ ઇસુ છે, અમારી સામગ્રી વચન છે, અમારી પદ્ધતિ પવિત્ર આત્માનું સામર્થ્ય છે, અમારી ધગશ લોકો છે અને અમારો ઉદ્દેશ ખ્રિસ્તસમાન પરિપક્વતા છે.

બેંગલોર ખાતેના અમારા મુખ્ય મથકની સાથે, ઓલ પીપલ્સ ચર્ચની ભારતભરમાં અન્ય ઠેકાણે પણ મંડળીઓ છે. વર્તમાન યાદી પ્રાપ્ત કરવા માટે ઓલ પીપલ્સના સેવાના કેન્દ્રોનો સંપર્ક કરવા માટે, કૃપા કરી અમારી વેબસાઇટ apcwo.org/locations મુલાકાત લેશો અથવા અમને contact@apcwo.org. આ સરનામે ઇ મેઈલ પણ કરી શકો છો.

# વિનામૂલ્ય પ્રકાશનો

A Church in Revival
A Real Place Called Heaven
A Time for Every Purpose
Ancient Landmarks
Baptism in the Holy Spirit
Being Spiritually Minded and Earthly Wise
Biblical Attitude Towards Work
Breaking Personal and Generational Bondages
Change
Code of Honor
Divine Favor
Divine Order in the Citywide Church
Don't Compromise Your Calling
Don't Lose Hope
Equipping the Saints
Foundations (Track 1)
Fulfilling God's Purpose for Your Life
Gifts of the Holy Spirit
Giving Birth to the Purposes of God
God Is a Good God
God's Word—The Miracle Seed
How to Help Your Pastor
Integrity
Kingdom Builders
Laying the Axe to the Root
Living Life Without Strife
Marriage and Family
Ministering Healing and Deliverance
Offenses—Don't Take Them
Open Heavens
Our Redemption
Receiving God's Guidance
Revivals, Visitations and Moves of God
Shhh! No Gossip!
Speak Your Faith
The Conquest of the Mind
The Father's Love
The House of God
The Kingdom of God
The Mighty Name of Jesus
The Night Seasons of Life
The Power of Commitment
The Presence of God
The Redemptive Heart of God
The Refiner's Fire
The Spirit of Wisdom, Revelation and Power
The Wonderful Benefits of Praying in Tongues
Timeless Principles for the Workplace
Understanding the Prophetic
Water Baptism
We Are Different
Who We Are in Christ
Women in the Workplace
Work—Its Original Design

નવા પુસ્તકો નિયમિત રીતે પકાશિત થાય છે. APC ખ્રિસ્તી પુસ્તકો PDF, ઓડિયો અને અન્ય સ્વરૂપે વિનામુલ્યે ડાઉનલોડ કરવા માટે કૃપા કરી અમારી વેબસાઇટ **apcwo.org/books** ની મુલાકાત લેશો. આ પૈકીના ઘણાં પુસ્તકો અન્ય ભાષાઓમાં પણ પ્રાપ્ય છે. વિનામુલ્યે ઓડિયો અને વિડીયો સંદેશાઓ, સંદેશાઓની નોંધ અને અન્ય સંસાધનો માટે કૃપા કરી અમારી વેબસાઇટ **apcwo.org/sermons** ની મુલાકાત લેશો.

# કવચયુક્ત સલાહ

કવચયુક્ત સલાહ વ્યક્તિગત સલાહ પૂરી પાડે છે જે લોકોને જીવનના પડકારોનો સામનો કરવા અને તેની પર વિજય પ્રાપ્ત કરવામાં મદદ કરે છે. કવચયુક્ત સલાહ એક વ્યાવસાયિક રીતે તાલીમબદ્ધ અને અનુભવી ખ્રિસ્તી સલાહકારોની ટીમ છે.

અમારી સેવાઓ દરેક વયજૂથના લોકો માટે છે અને જીવનના વિવિધ પડકારોને ઉદ્દેશીને આપવામાં આવે છે.

- **કિશોરાવસ્થા**
- **વ્યક્તિગત અનુકૂળતા**
- **સંબધોમાં પડકારો**
- **શૈક્ષણિક ઓછી સિદ્ધિ**
- **કામ સંબંધિત સમસ્યાઓ**
- **કુટુંબ / દંપતિ: લગ્ન પહેલા/ લગ્ન પછી**
- **માતા-પિતા / બાળકો / ભાઈ-બહેન/ સહકર્મી**
- **વર્તણૂક સબંધી વિકૃતિઓ**
- **વ્યક્તિત્વ સબંધી વિકૃતિઓ**
- **મનોવૈજ્ઞાનિક / ભાવનાત્મક પ્રશ્નો**
- **તણાવ / પ્રતિશોધ**
- **દારુ / માદક પદાર્થ અપરાધ**
- **આધ્યાત્મિક સમસ્યાઓ**
- **જીવન માર્ગદર્શન**

કવચયુક્ત સલાહની ફી વ્યાજબી છે અને અમારા કોઈપણ તાલિમબદ્ધ સલાહકાર સાથે અગાઉથી મુલાકાત નક્કી કરીને મેળવી શકાય છે.

**વેબસાઇટ** : **chrysalislife.org**
**ફોન:** +91-80-25452617 અથવા ટોલ ફ્રી (સંપૂર્ણ ભારતમાંથી) 1-800-300-00998
**ઈમેલ: counselor@chrysalislife.org**

કવચયુક્ત સલાહ કેન્દ્ર ઓલ પીપલ્સ ચર્ચ અને વર્લ્ડ આઉટરીચની એક સેવા છે.

# ઓલ પીપલ્સ ચર્ચ સાથે સહભાગીતા

ઓલ પીપલ્સ ચર્ચ એક સ્થાનિક મંડળી તરીકેની પોતાની સીમાઓની બહાર જઈને, વિશેષ કરીને, ઉત્તર ભારતમાં, ખાસ રીતે (1) આગેવાનોનું સશક્તિકરણ, (2) સેવાને માટે યુવાનોને સજ્જ કરવા, (3) ખ્રિસ્તના શરીર (મંડળી)નું બાંધકામ, સાથે ધ્યાન કેન્દ્રિત કરીને પોતાની સેવાઓ આપે છે. વર્ષ દરમ્યાન 'ખ્રિસ્તી આગેવાનો માટેની પરિષદ' અને યુવાનોની તાલીમ માટેના સંખ્યાબંધ સેમિનાર રાખવામાં આવે છે. વધુમાં, વિશ્વાસીઓને વચન અને આત્મામાં સજ્જ કરવાના હેતુસર હજારોની સંખ્યામાં અંગ્રેજી અને અન્ય ભારતીય ભાષાઓમાં વિવિધ પ્રકાશનોની નકલોનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે છે.

અમે આપને એકવારના કે માસિક નાણાકીય દાનો માટે સહભાગીદારી કરવા આમંત્રણ આપીએ છીએ. સમગ્ર ભારતમાંથી આપનું કોઈપણ દાન જે આપ અમને સહાયરૂપ થવાના હેતુસર મોકલો છો તેની અમે પુષ્કળ કદર કરીએ છીએ.

આપ આપના દાનો અમને અમારી ઓફિસના સરનામે "ઓલ પીપલ્સ ચર્ચ"ની તરફેણમાં ચેક/બેન્ક ડ્રાફ્ટ સ્વરૂપે મોકલી શકો છો. અથવા તો, આપ આપના દાનો અમારા બેન્ક ખાતામાં સીધા જમા કરાવીને પણ આપી શકો છો. નીચે અમારા બેન્ક ખાતાની વિગતો આપેલી છે.

**અકાઉન્ટ નમ્બર**: All Peoples Church
**અકાઉન્ટ નમ્બર**: 50200068829058
**IFSC કોડ**: HDFC0004367
**બેંક**: HDFC Bank, 7M/308 80 Ft Rd, HRBR Layout, Kalyan Nagar, Bengaluru Karnataka - 560043,

***કૃપા કરીને નોંધ લેશો:*** *ઓલ પીપલ્સ ચર્ચ માત્ર ભારત ખાતેની બેન્કોના બેન્ક ખાતા દ્વારા નાણાકીય સહયોગ સ્વીકારી શકે છે. આપનો નાણાકીય સહયોગ આપતી વખતે જો આપ ઈચ્છો તો, અમારી કઈ ચોક્કસ સેવા માટે આપના સહયોગનો ઉપયોગ થાય તે આપ દર્શાવી શકો છો.* વધુ માહિતી માટે કૃપા કરી અમારી વેબસાઇટ apcwo.org/give. ની મુલાકાત લેશો.

અને હા, કૃપા કરી અમારી સેવાઓ માટે જ્યારે પણ આપને અનુકૂળ હોય ત્યારે અવશ્ય પ્રાર્થના કરશો.

**તમારો આભાર અને ઈશ્વર તમને આશિર્વાદ આપે!**


## DOWNLOAD THE FREE APP!

*Search for*

"All Peoples Church Bangalore"
in the App or Google play stores.

Available on the App Store

ANDROID APP ON Google play







*A daily 5-minute video devotional.*
*A daily Bible reading and prayer guide.*
*5-minute Sermon summary.*
*Toolkit with Scriptures on various topics to build faith and information to share the Gospel.*
*Resources with sermons, sermon notes, TV programs, books, music and more.*

*IF YOU LOVE IT, TELL OTHERS ABOUT IT!*

ALL PEOPLES CHURCH
Bible College
& MINISTRY TRAINING CENTRE

# ઓલ પીપલ્સ ચર્ચ બાઇબલ કોલેજ

**apcbiblecollege.org**

ઓલ પીપલ્સ ચર્ચ બાઇબલ કોલેજ અને સેવાકીય પ્રશિક્ષણ કેન્દ્ર, બેંગલોર, ઈંડિયા, એક આત્માથી ભરપૂર, અભિષિક્ત, પ્રશિક્ષણની સાથે અનુભવ અને ઈશ્વરના વચનોને એક સૈદ્ધાંતિક રીતે શીખવામાં અને પવિત્ર આત્માના અલૌકિક સામર્થ્યમાં સેવા કરવામાટે શિક્ષણ આપે છે. અમે વ્યક્તિને સંપૂર્ણ રીતે સેવા કરવામાટે તેના વિકાસમાં એક દૈવીય ચરિત્ર, ઈશ્વરના વચનમાં ઊંડાણપૂર્વક સમજ અને ઇશ્વરી શક્તિદ્વારા તેના અજાયબ પરાક્રમો અને ચમત્કારોના પ્રદર્શનથી દરકે બાબતો ઈશ્વરસાથેના સંબદ્ધમાં ઘનિષ્ઠતા કેળવવામાં મદદરૂપ થઈએ છીએ.

ઓલ પીપલ્સ ચર્ચ બાઇબલ કોલેજ (APC-BC) માં, એક સૈદ્ધાંતિક શિક્ષણની સાથે અમે ઈશ્વરના પ્રેમને પ્રદર્શિત કરવો અને પવિત્ર આત્માના અભિષેક અને હાજરીનો અનુભવ અને ઈશ્વરના દૈવીય કાર્ય ઉપર ભાર મૂકીએ છીએ. ઘણા બધા જુવાનો અહીં પ્રશિક્ષણ પ્રાપ્ત કરીને ઈશ્વરના દર્શનને તેમના જીવનમાં પૂરું કરવાને માટે તૈયાર થયા છે.

અમે ત્રણ કાર્યક્રમ ચલાવીએ છીએ.

- એક વર્ષ માટે સર્ટિફિકેટ ઇન થીઓલોજી અને ક્રિશ્ચિયન મિનિસ્ટ્રી (C.Th.)
- બે વર્ષ માટે ડિપ્લોમા ઇન થીઓલોજી અને ક્રિશ્ચિયન મિનિસ્ટ્રી (Dip.Th.)
- ત્રણ વર્ષ માટે બેચલર ઇન થીઓલોજી અને ક્રિશ્ચિયન મિનિસ્ટ્રી (B.Th.)

ક્લાસ દર અઠવાડિયે લેવામાં આવે છે. **સોમવારથી શુક્રવાર સવારે 9:00 થી બપોરે 12:00 સુધી, ભારતીય સમય અનુસાર (UTC+5:30).** અમે ત્રણ રીતે પ્રશિક્ષણ માટેના પર્યાય આપીએ છીએ.

- **ઓન કેમ્પસ**: વ્યક્તિગત તમે કોલેજમાં આવીને હાજરી આપો
- **ઓનલાઇન**: ઓનલાઇન દ્વારા તમે ક્લાસમાં હાજરી આપો
- **ઇ–લર્નિંગ**: પોતાની રીતે અમારી વેબસાઇટ ઉપરથી તમે શિક્ષા પ્રાપ્ત કરો. apcbiblecollege.org/elearn

**ઓનલાઇન અરજી** કરવા માટે અને વધુ માહિતી જેમ કે કોલેજ, અભ્યાસક્રમ, પાત્રતા, પ્રશિક્ષણની ફી અને અરજી કરવામાટેના ફોર્મને ડાઉનલોડ કરવામાટે apcbiblecollege.org ની મુલાકાત લો.

એ સત્ય હકીકત છે આપણે સર્વ અપૂર્ણ છીએ અને ભૂલો કરીએ છીએ. પ્રથમવાર જ્યારે આપણે ખોટી પરિસ્થિતિનો સામનો કરીએ છીએ ત્યારે તેના પરિણામો ભયંકર હોય છે. ઈશ્વર પાસે આપણે માટે જે યોજનાઓ હોય છે તેને આપણી ખોટી પસંદગીઓ કેવી રીતે અસર કરે છે? શું આપણી ભૂલો ઈશ્વરના આપણાં જીવનો માટેના એ ઉત્તમ અને અતિઉચ્ચ હેતુની પરિપૂર્ણતાને પરાજીત કરે છે કે બદલી નાંખે છે?

આ પુસ્તકનો ઉદ્દેશ આપણાં ખ્રિસ્તી વિશ્વાસની વ્યવહારુ બાજુને જગાડવાનો છે. તેનો ઉદ્દેશ આપણને આપણાં જીવનો માટે ઈશ્વરના આયોજનની પરિપૂર્ણતા પ્રત્યે આપણી પવિત્ર જવાબદારી સમજાવવાનો છે. આપણાં કાર્યોને આત્મિકતામાં ખપાવવાનું બંધ કરીને તેને માટે જવાબદારી સ્વીકારવાનું આ તેડું છે. આ જીવનની બાબતોમાં શાણપણને કઢાવવાનું તેડું છે.


All Peoples Church & World Outreach
# 319, 2nd Floor, 7th Main, HRBR Layout,
2nd Block, Kalyan Nagar, Bangalore 560 043
Karnataka, INDIA

Phone: +91-80-25452617
Email: contact@apcwo.org
Website: apcwo.org